# ગાંધીનગરના પાંચ યુવાનો ડીવાયએસપી બન્યા

## ૨૧ ડીવાયએસપીની યાદીમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે ગાંધીનગરનો યુવાન ડો. કુશલ ઓઝા સફળ બન્યો છે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી નાયબ પોલીસ અધિક્ષક વર્ગ-૧ની જગ્યા માટે નવા ૨૧ નાયબ પોલીસ અધિક્ષકોને સરકારે દિવાળી ટાણે નિમણૂંક આપતા તેમની જીવનભરની દિવાળીમાં ખુશહાલી ભરી દિધી છે. ગૌરવની અને આનંદની વાત એ છે કે આ ૨૧ નવા ડીવાયએસપીની યાદીમાં ગાંધીનગરના પાંચ યુવાનો ડીવાયએસપી બન્યા છે. રાજ્ય પોલીસતંત્રમાં નવા ૨૧ ડીવાયએસપી ઉમેરાતા ચાર્જમાં રહેતા અધિકારીઓને કામગીરીમાં રાહત મળશે.

વર્ષ ૨૦૧૪માં જીપીએસસી દ્વારા લેવાયેલી વર્ગ-૧ અને ૨ની અધિકારી માટેની ભારે વિવાદિત પરીક્ષાનું આખરે પરિણામ જીપીએસસી દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. તેમ છતાં પણ પરિણામ બાદ આ મેટર પાછી હાઈકોર્ટમાં પહોંચી ગઈ હતી. લાંબા સમયથી પરિણામની આતુરતાપૂર્વક રાહ જોતાં ઉમેદવારોની આશા પર પાણી ફરી વળ્યું હતુ. ત્યારે ચૂંટણી અને દિવાળી પહેલા જ ફાઈનલ નોકરીના ઓર્ડરો સરકારે કરી દેતા નોકરીવાચ્છુક ઉમેદવારોની દિવાળીમાં ખુશીઓનો પાર રહ્યો નથી.

**ગાંધીનગરમાંથી સફળ થનાર ડીવાયએસપી**

- ડૉ. કુશલ રાજેશ ઓઝા, સે. ૧૬, મેરીટ ક્રમ-૧૭
- હિરેન્દ્ર જશુભાઈ ચૌધરી - દસાલા મેરીટ ક્રમ-૩૬
- મુકેશ ચૌધરી સે. ૨૮ મેરીટ ક્રમ - ૯૨
- નીલમ ભરતગીરી ગોસ્વામી, સે. ૨૮, મેરીટ ક્રમ-૨૬૯
- રીના નગીનભાઈ રાઠવા, સે. ૨૦ મેરીટ ક્રમ-૪૨૨

**કુલ પાંચ સફળ થનાર નવા ડીવાયએસપીના લીસ્ટમાં બે મહિલાઓનો પણ સમાવેશ**

જીપીએસસી દ્વારા જાહેર થયેલા પરિણામો બાદ આજે સરકારના ગૃહ વિભાગે નાયબ પોલીસ અધિક્ષક વર્ગ-૧ની જગ્યા માટે રાજ્યભરમાંથી પરીક્ષાના મેરીટના આધારે ૨૧ નવા ડીવાયએસપીની યાદી જાહેર કરી તેમના ઓર્ડર કરવામાં આવ્યા છે. ૨૧ નવા બનેલા ડીવાયએસપીમાં બીજા ક્રમે સૌથી વધારે ગાંધીનગરમાંથી પાંચ ઉમેદવારો સફળ રહ્યા છે.

૨૧ સફળ થનાર ડીવાયએસપીની યાદીમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે સફળ થનાર ડૉ. કુશલ ઓઝા ગાંધીનગરના જ રહેવાસી છે. ડૉ. કુશલ ઓઝાએ

**જીપીએસસીની જાહેર થયેલી ડીવાયએસપીની યાદીમાં ૧૭માં મેરીટ ક્રમ સાથે ગાંધીનગરના યુવા પ્રતિભા ડો. કુશલ રાજેશભાઈ ઓઝાએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે ડીવાયએસપી બનવામાં સફળ રહ્યા છે. ડો. કુશલે આ સફળતા પ્રાપ્ત કરી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.**

૧૭મો મેરીટ પ્રાપ્ત કર્યો છે. જે ગાંધીનગર માટે ગૌરવ અને આનંદની વાત છે. સફળ ડીવાયએસપીની યાદીમાં દસાલાના હિરેન્દ્ર જશુભાઈ ચૌધરીએ ૩૬મો ક્રમ, સે. ૨૮ના મુકેશ ચૌધરીએ ૯૨મો ક્રમ, સે. ૨૮નીજ નીલમ ભરતગીરી ગોસ્વામીએ ૨૬૯મો ક્રમ અને સે. ૨૦માં રહેતી રીના નગીનભાઈ રાઠવાએ ૪૨૨મો મેરીટ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

રાજ્ય પોલીસતંત્રમાં નવા ૨૧ ડીવાયએસપીનો ઉમેરો થતાં પોલીસકર્મી કામગીરીમાં મહદઅંશે ચાર્જમાં ચાલતા અધિકારીઓને રાહત મળશે. જ્યારે નવા અધિકારીઓ મહેકમમાં જોડાશે. તો પોલીસતંત્રને પણ કુશળ અને યુવાન અધિકારી મળશે. સફળ થનાર તમામ અધિકારીઓને હૃદયપૂર્વક શુભેચ્છાઓ.

# ગરીબ કલ્યાણ મેળામાં ૩૬૪૬ લાભાર્થીઓને ૫૯૪ લાખથી વધુ સહાય

ગાંધીનગર, તા. ૧૪

સમગ્ર રાજયમાં દશમા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓ યોજાઈ રહ્યાં છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો પ્રેક્ષા ભારતી, કોબા ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લા પ્રભારીમંત્રી નિર્મલાબેન વાધવાણી અને અન્ય મહાનુભાવોના હસ્તે ૩૬૪૬ લાભાર્થીઓને રૂ. ૫૯૪ લાખથી વધુ રૂપિયાની સાધન-સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પ્રભારીમંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાજયના મુખ્યમંત્રી હતા, ત્યારે રાજય સરકારની વિવિધ સહાય યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓને મળી રહે તેવા ઉમદા આશયથી રાજયમાં વર્ષ- ૨૦૦૯થી ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કરવામાં આવ્યા હતા. રાજયમાં નવ તબક્કામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧ કરોડ ૧૯ લાખ લાભાર્થીઓને રૂ. ૨૦,૨૫૬



કરોડથી વધુની સાધન સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં નવ તબક્કામાં રાજય સરકારની વિવિધ યોજના હેઠળ રૂપિયા ૩૬,૬૪૨ લાખની સહાયનો લાભ ૨,૨૩,૮૯૦ લાભાર્થીઓને આપવામાં આવ્યો છે. રાજયના સંવેદનશીલ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સરકારમાં ૩૬૫ દિવસમાં પોણા પાંચસો જેટલા પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે.

ગુડાના ચેરમેન આશિષ દવે જણાવ્યું હતું કે, અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુક્ત કરાવવા માટે ગુજરાતના સપુત મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું યોગદાન મહત્વનું છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલના સ્વપ્નના ભારતનું નિર્માણ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી સરકારે રોજગારી, શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અને અન્ય પ્રજાલક્ષી સુવિધાઓને પ્રાધાન્ય આપ્યું છે.

ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાઓ થકી સાચા લાભાર્થીઓ સુધી વિવિધ યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે. જનસુખાકારીના કામોને પ્રાધાન્ય આપતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સરકારમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરીને ૧૦ લાખ જેટલા જિલ્લાના નાગરિકોને વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓના લાભો ઘર બેઠા મળ્યાં છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારની વિવિધ સહાય યોજનાનો લાભ મેળવનાર અનેક લાભાર્થીઓના પરિવારમાં સુખનો સૂરજ ઉગ્યો છે. ગરીબ કલ્યાણ મેળા થકી વચેટિયા નાબુદ થયા છે. રાજયના સાચા અને છેવાડાના ગામમાં રહેતા લાભાર્થી સુધી સરકારની યોજનાઓનો લાભ મળી રહ્યો છે.


## ગુજરાત ગૌરવ મહાસંમેલન
### તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૧૭

**ગાંધીનગરના બુથમાં નિમાયેલ પેજ પ્રમુખોને મહાસંમેલનમાં જોડવવા બસ સુવિધા માટે સેક્ટર ઈન્ચાર્જના ફોન નંબર**

**બસ સુવિધા સંપર્ક**

| સેક્ટર-૧ | સેક્ટર-૩ન્યુ | સેક્ટર-૬ | સેક્ટર-૧૪ | સેક્ટર-૨૨ | સેક્ટર-૨૬ |
|---|---|---|---|---|---|
| 9824077431 | 9924458367 | 9824688788 | 9824551925 | 9979034236 | 9913612005 |
| 9662785828 | 9824643605 | 9825722511 | 9979971809 | 7600000722 | 9825018242 |
| સેક્ટર-૨ | સેક્ટર-૪ | 9426709200 | 9429356164 | 9824559566 | 7777959595 |
| 9824479020 | 9824266704 | 9898041372 | 9427752458 | 9978910839 | સેક્ટર-૨૭ |
| 9824051548 | 9825018614 | સેક્ટર-૭ | સેક્ટર-૧૫ | સેક્ટર-૨૩ | 9824013876 |
| 9426014373 | 8469045002 | 9825721999 | 9924455001 | 9428049448 | 9426011008 |
| 9426359514 | 9825856943 | 7359412922 | સેક્ટર-૧૬ | 9723810881 | સેક્ટર-૨૮ |
| 9898030707 | 9725502416 | સેક્ટર-૮ | 9724003977 | સેક્ટર-૨૪ | 9998509409 |
| 9998810813 | 9377745918 | 9824369503 | 9824542661 | 9825521513 | 9824254470 |
| સેક્ટર-૩ | 9825018074 | 9825444761 | સેક્ટર-૧૯ | 9825332918 | સેક્ટર-૨૯ |
| 9825470044 | 9408256982 | સેક્ટર-૧૨ | 9426352792 | 9427306448 | 9824415887 |
| 9825721935 | 9723552672 | 9824369503 | સેક્ટર-૨૦ | 9924228819 | સેક્ટર-૩૦ |
| 9824047547 | 9998485085 | 8487112253 | 8511158567 | 8735005958 | 9924465248 |
| 9714547472 | સેક્ટર-૫ | 9726161789 | 8128379482 | 9825037123 | 9429300966 |
| 9737177777 | 9898063283 | સેક્ટર-૧૩ | સેક્ટર-૨૧ | 9925811420 | જી.ઇ.બી. |
| 9825581451 | 9428417179 | 9898062209 | 9328927304 | 9723535980 | 9601299481 |
| ધોળાકુવા | 9427318905 | 9979898129 | 9427601549 | 9898192039 | 9099959309 |
| 8154995555 | બોરીજ | 9737193035 | ઇન્દ્રોડા | સેક્ટર-૨૫ | 9924619065 |
| 9924678550 | 9825788377 | 9664967718 | 9898155907 | 9624054420 | બાસણ |
| પાલજ | 9558579888 | ચરેડી/આદીવાડા | 9825147280 | 9825438465 | 9727503164 |
| 9537454605 | 9727401620 | 9824029902 | | | 9998566904 |
| 7990247764 | | 8758281492 | | | |


## લોક વિકાસ મંચના પ્રદેશ હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

આગામી વિધાનસભાની ચૂંટણી ગમે તે સમયે જાહેર થઈ શકે તેમ છે. ત્યારે દિવાળીના તહેવારમાં પણ રાજકીય ગરમાવો બરોબરનો જામ્યો છે. રાજ્યમાં ભાજપ-કોંગ્રેસ સિવાય પણ અન્ય પક્ષ ચૂંટણી લડવા તૈયાર છે. ત્યારે આગામી વિધાનસભાની ૧૮૨ બેઠકો પરથી લોક વિકાસ મંચ ચૂંટણી લડશે. લોક વિકાસ મંચના પ્રમુખ રજનીકાંત દેસાઈએ પ્રદેશ હોદ્દેદારોની વરણી કરી છે. જેમાં પ્રદેશ મહામંત્રી તરીકે અમદાવાદ જુહાપુરાના વતની અને વ્યવસાયે એડવોકેટ કાસિમભાઈ કુરેશી, ખેડબ્રહ્માના વતની છગનભાઈ કે. સોલંકી અને ગાંધીનગરના પ્રમોદકુમાર જે. પરમાર, પ્રદેશ સંગઠન મંત્રી તરીકે નરેશભાઈ જોષીની વરણી કરાઈ છે. જ્યારે લોકવિકાસ મંચના પ્રમુખ તરીકે અનુપભાઈ દેસાઈ સુરત શહેરના તેમજ મહામંત્રી તરીકે ડાહ્યાભાઈ મહેતાની વરણી કરવામાં આવી છે.

## વર્ગને સ્વર્ગ બનાવો, વી.કેર ફાઉન્ડેશન દ્વારા સેમિનાર યોજાયો

વી.કેર ફાઉન્ડેશન જે.સી. પટેલ દ્વારા ખેડા, સુરત અને વલસાડ જિલ્લાના હિન્દી અને સંસ્કૃત ભાષાના શિક્ષકો માટે ક્લાસરૂમને સ્વર્ગ કેવી રીતે બનાવવા તે માટેનો એક સેમિનાર યોજાઈ ગયો.

# સાહેબ-જરા સંભાળજો, તમે પણ ઈન્ડિયા શાઈનિંગ અને ફિલગુડ ફેક્ટરના મોહપાશમાં આવી જતા નહીં

## કોગ્રેસના નેતા રાહુલ ગાંધી નવા નિશાળિયા રહ્યાં નથી, તેઓ પરિપક્વ થયા છે

ભારતમાં ઈન્ડિયા શાઈનિંગની હવાનો પરપોટો જ્યારે ફુટ્યો ત્યારે એનડીએ સરકારે તેની સત્તા ગુમાવી હતી. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની સરકારે ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિયા શાઈનિંગના નામે મતો માગ્યા હતા પરંતુ ભાજપનો ધબડકો થયો હતો. હવે એનડીએના બીજા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઈન્ડિયા શાઈનિંગ સાથે ડગ માંડી રહ્યાં છે ત્યારે ૨૦૧૯માં આ ડગલા પાછા ન પડે તે તેમણે જોવાનું છે, કારણ કે મોદી એ વાજપેયી નથી.

**વાજપેયીની સરકારમાં પ્રમોદ મહાજન હતા, અહીં મોદી સાથે અમિત શાહ છે**

જ્યારે પીએમ મોદી ગત નવેમ્બર ૨૦૧૬માં જાપાન ગયા હતા ત્યારે તેમણે જાપાનીઝ પીએમ આબે સાથે કોબે સુધી જાપાનીઝ બુલેટ ટ્રેન શિંકાનસેનમાં પ્રવાસ કર્યો હતો. તેઓ આ રોમાંચને હજુ સુધી ભૂલી શક્યા નથી અને હવે બુલેટ ટ્રેનને ભારતના જર્જરીત ટ્રેક પર ચલાવવા માગે છે. મોદી વિશ્વમાં ઈન્ડિયા શાઈનિંગનો નારો આ બુલેટ ટ્રેનની મદદથી આપવા માગે છે પરંતુ એ પહેલાં મોંઘવારી અને પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં ઘટાડો કરવો ઈચ્છનિય છે.

મોદીએ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટને ૩૦ વર્ષ પહેલા દેશમાં શરૂ થયેલા નાની કાર મારૂતી ૮૦૦ના પ્રોડક્શન સાથે સરખાવ્યો છે. તેમણે કહ્યું કે બુલેટ ટ્રેન ભારત માટે લાઈફ ચેન્જર બનશે. અને મોદીના આ સપનાને પૂર્ણ કરવા માટે જાપાનના પીએમ આબે ભારત આવ્યા અને બુલેટ ટ્રેનના પ્રોજેક્ટનું ખાતમૂહુર્ત કર્યું. દેશની પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ થી મુંબઈ વચ્ચે દોડશે. આ એક સંયોગ નથી પરંતુ આગામી ૨ મહિનામાં ગુજરાતમાં ચૂંટણી યોજાવાની છે અને મોદી ફરી લોકોને સપાનાઓ દેખાડવાની માર્કેટિંગ જોબ કરી રહ્યા છે. આ માટે જાપાનીઝ વડાપ્રધાનની ગુજરાત મુલાકાત પણ અનિવાર્ય હતી.

મોદીના ફેવરિટ સુરેશ પ્રભુ કે જેમને વેસ્ટમાં થી નોર્થમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા કેમ કે મોદી દિલ્હીના સુસ્ત રાજતંત્રમાં મુંબઈ જેવી દક્ષતા લાવવા માગતા હતા. પરંતુ રેલવેના ભંગાર તંત્રના કારણે તેમણે પોતાનું પદ ગુમાવવું પડ્યું. હવે તેમના અનુગામી પીયુષ ગોયેલ પણ મુંબઈથી જ છે. તેમણે આવતાવેંત જ લોકોની સેફ્ટી અને અનુકૂળતા અંગે આશ્વસ્ત કરવાનું શરૂ કરી દીધું છે. જોકે હવે બુલેટ ટ્રેન રેલવે માટે સેન્ટરપીસ બની ગઈ છે. નવા રેલ મંત્રી ગોયેલે તો ત્યાં સુધ કહી દીધું કે લોકોએ ટ્રેકને લઈને ડરવાની જરૂર નથી.

**સાથી પક્ષો ગમે તે બોલે, ભાજપે તો સહન કરવુ જ રહ્યું, કેમ કે સાથ જોઇએ છે**

એ મૂલ્યાંકન કરવું અઘરૂ છે કે ગુજરાતમાં કઈ રીતે ૨૦૦૨ બાદ મોદી રાજમાં વિકાસના ટેમ્પ્લેટ પર હિંદૂત્વ ભારે રહ્યું છે, હવે તેમાં જાપાનીઝ સંપાદન પણ દેખાશે. ભાજપમાં મોદી-અમિત શાહના શાસન સામે કંઈ પણ કરવું તે ખરેખર ડરામણું છે. ખાનગી વાતચીતમાં પણ બુલેટ ટ્રેન જેવા તાયફા અંગે કોઈ વાતચીત કરતું નથી. જ્યારે ભાજપના નેતાઓ જાણે છે કે તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં તેમનો જબરજસ્ત વિજય ગરીબો તરફી એજન્ડાના કારણે થયો હતો, મોટા મોટા સપનાઓ દ્વારા નહીં પરંતુ વાસ્તવિક્તાના ધોરણે ઝડપી રીઝલ્ટ માટે લોકોએ ભાજપને વોટ આપ્યો હતો.

રાહુલ ગાંધી દ્વારા 'સુટ બુટની સરકાર' એવા નિવેદનથી ભાજપને જે નુકસાન થયું હતું તે સુધારી શકાય તેમ નહોતું અને જેન કારણે ભાજપે દિલ્હી અને બિહાર ગૂમાવ્યું હતું. ત્યારબાદ મોદીને સમજાયું હતું કે શા માટે ગરીબ રાજકરણનું સેન્ટ્રલ બિંદુ રહે છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ ઓબામા સાથેની મુલાકાતમાં મોદી સરકારના એજન્ડા અને જમીન સંપાદન બિલને લઈને વિપક્ષે સરકારની છબી ધનવાન તરફી ચીતરી હતી, જેથી મોદીને પોતાના પરિધથી બહાર આવી ગરીબો અંગે તેમને લગતી યોજનાઓ અંગે અને જન સામાન્ય વિશે બોલવું પડ્યું હતું. જેને ભાજપને સારો એવો રિવોર્ડ ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં મળ્યો હતો. પરંતુ હવે ફરી એવું દેખાઈ રહ્યું છે કે ભાજપ ફરી પોતના જૂના સ્વરૂપ ઈન્ડિયા શાઈનિંગમાં આવી રહ્યું છે.

આવું કેમ?, શું સરકારને સમર્થન ગૂમાવવાનો ડર લાગી રહ્યો છે કે પછી સરકારના મંત્રીઓનો જનતા સાથેનો સંપર્ક તૂટી ગયો છે? એવું કહેવામાં આવી રહ્યું છે કે અમિત શાહે ખાસ એક નેટવર્ક ઉભૂ કર્યું છે જે તેમને લોકો વચ્ચેનો ડેટા, લોકોની ભાજપ તેમજ સરકાર પ્રત્યેની ઈચ્છાઓ, નારાજગીઓ અંગે જણાવે છે. તેમજ આ સોર્સને પૂર્ણરૂપે સત્યને વળગી રહેવાનું કહેવામા આવ્યું છે. કેમ કે શાહ દિલ્હી અને બિહારવાળી ફરી કરવા માગતા નથી.

NDA માટે સૌથી મુશ્કેલી ત્યારે છે જ્યારે તેના સાથી પક્ષો કંઈ બોલે. આમ તો ભાજપે NDAનું સ્ટ્રક્ચર જ એવું ઘડ્યું છે કે અન્ય સાથીદારો શિસ્તતા હેઠળ એક નવા નિશાળીયાની જેમ રહે. પરંતુ શિવસેના તેમાં અપવાદરૂપ છે.




જોકે શિવસેના જે કંઈપણ બોલે તેને લોકો સીરીયસલી લેતા નથી કેમ કે ગમે તેટલું બોલવા છતા શિવસેના મહારાષ્ટ્ર કે દિલ્હીમાંથી સરકારમાંથી બહાર તો નીકળવા માગતી નથી. જો કે એનસીપીને નજીક સરકતી જોતાં શિવસેના કંઈ નવાજૂની કરવાના મૂડમાં આવી ગઈ છે.

ઓક્ટોબર મહિનામાં જ રાહુલ ગાંધીની તાજપોષી પ્રેસિડેન્ટ તરીકે થવાની છે ત્યારે ભાજપને ભય લાગ્યો છે. રાહુલ આખા બોલા નેતા છે. નવા નિશાળિયા તેઓ રહ્યાં નથી. રાજકારણમાં તેઓ પરિપક્વ બન્યા છે અને તે તેમના ભાષણોમાં છલકાય છે. મોદી જેટલી મેદની તેઓ ભેગી કરી રહ્યાં છે. ગુજરાતમાં ભાજપે તેનો જનાધાર ગુમાવતી જાય છે ત્યારે નરેન્દ્ર મોદી એકમાત્ર વિકલ્પ છે. જો મોદી ગુજરાતમાં વધુમાં વધુ સભાઓ કરશે તો ભાજપની બેઠકો ત્રણ અંકોમાં આવી શકે છે પરંતુ જો મોદીને ગુજરાત માટે ઓછો ટાઈમ મળશે તો ભાજપને સૌથી મોટું નુકશાન જઈ શકે છે, કારણ કે ભાજપ તેના સિનિયર નેતાઓ અને કાર્યકરોને લઈને નહીં કોંગ્રેસના નેતાઓ અને ધારાસભ્યોને લઈને ચૂંટણી લડી રહ્યું છે તેથી પાર્ટીમાં અસંતોષ ચરમ સિમાએ પહોંચ્યો છે.

કહેવાય છે કે વાજપેયીની સરકારમાં ઈન્ડિયા શાઈનિંગનો નારો પ્રમોદ મહાજન લાવ્યા હતા અને હવે મોદી જે કરી રહ્યાં છે તેની પ્રસિદ્ધિ અમિત શાહ કરી રહ્યાં છે. અમિત શાહને ગુજરાતની રાજ્યસભાની બેઠકમાં ભારે પછડાટ મળી છે, કારણ કે તેમનો ગોલ અહમદ પટેલને હરાવવાનો હતો તેથી તેમણે શંકરસિંહ વાઘેલાને સાથે લીધા હતા પરંતુ તે બૂમરેંગ સાબિત થયું છે.

કોંગ્રેસના ચાણક્ય અહમદ પટેલ ચૂંટણી જીતી ગયા છે તે સેડબેક ભાજપ સહન કરી શક્યું નથી. મોદી માટે અમિત શાહ એ પ્રમોદ મહાજન ન બને તેનું ધ્યાન ખુદ મોદીએ જ રાખવાનું છે, કેમ કે મોદીએ વાજપેયી નથી. ૨૦૧૯ની તૈયારી શરૂ કરતાં ગુજરાતની ચૂંટણીમાં નામોશી મળશે તો તે રાષ્ટ્રીય ભાજપ માટે ખતરનાક બની શકે છે. અલબત્ત, રાહુલના પ્રેસિડેન્ટ પછી બિન ભાજપી પાર્ટીઓ એકથાય તેવો માહોલ ઉભો થઈ શકે છે.

# આજે ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ દ્વારા પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરાશે

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ તથા ઉચ્ચ શિક્ષણ સલગ્ન અન્ય મંડળો દ્વારા લાંબા સમયથી રાજ્ય સરકાર સમક્ષ ઉચ્ચ શિક્ષણને લગતી માંગણીઓ કરવામાં આવેલી છે. રાજ્ય સરકાર દ્વારા તે અંગેના પરિપત્રો કરવાની ખાતરી આપવા છતા આજ દિન સુધી પરિપત્રો કરવામાં આવેલ નથી. ઉચ્ચ શિક્ષણ સલગ્ન મંડળોની મુખ્ય માંગણીઓ જેવી કે પાર્ટ-ટાઈમ અધ્યાપકોને વિધાનસભામાં કરેલ જાહેરાત પ્રમાણે પૂર્ણ સમયમાં કાયમી કરવા, અધ્યાપક સહાયકોને ફાજલ રક્ષણ આપવું, એડહોક અધ્યાપકોની નોકરી સલંગ ગણી પેન્શન સહિતના લાભો આપવા, ગ્રાન્ટેડ કોલેજોમાં ટીચિંગ/નોન-ટિચિંગ સ્ટાફની ભરતી કરવી, ફિક્સ પેપ્રથા નાબુદ કરવી, ૪૦ વર્ષથી અપાતી ગ્રાન્ટ નીતિમાં સુધારો કરવો, આચાર્યોના બેઝીક પગાર ૪૩૦૦૦ મંજુર કરવો, એપીએલ પદ્ધતિ નાબુદ કરવી, નોન-ટીચિંગ સ્ટાફને વાહન ભથ્થુ આપવું વગેરે પ્રશ્નોનું નિરાકરણ હજુ સુધી આવ્યું નથી. આથી સમગ્ર શિક્ષણ જગતમાં સરકારની નીતિ સામે નારાજગી પ્રવર્તે છે. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યના કર્મચારીઓ માટે સાતમુ પગાર પંચ કેન્દ્રની સાથે જ અમલમાં મુકવાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારે અધ્યાપકો માટે સાતમા પગારપંચની જાહેરાત કરી છે તેની સરકાર તાત્કાલિક અમલીકરણની જાહેરાત કરે એવી પણ માંગ કરવામાં આવી છે.


**ઓનલાઈન જાહેરનિવિદા નં. ૬ સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેર ગાંધીનગર જિલ્લા પેટા વિભાગ, ગાંધીનગર પા.યો. ભવન, સેક્ટર-૧૬, બીજો માળ, ગાંધીનગર (ટે.નં. ૦૭૯-૨૩૨-૫૯૨૧૫)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૫૬ લાખથી રૂ. ૨.૮૦ લાખ સુધીના કુલ ૨ કામ માટે ઈ-૨ વર્ગ અને ઉપરની શ્રેણીના અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૧૮/૧૦/૨૦૧૭ના ૧૮.૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે. શક્ય હશે તો તા. ૧૮/૧૦/૨૦૧૭ના રોજ ૧૮.૧૦ કલાકે ટેન્ડર ઓનલાઈન ખોલવામાં આવશે.

ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ આ ડોક્યુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૧૯/૧૦/૨૦૧૭ થી તા. ૨૭/૧૦/૨૦૧૭ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૦૭૪/૧૭-૧૮